ગાંધીનગર સમાચાર

**ગાંધીનગરની હોસ્પિટલમાં એચઆઈવી દર્દીના રિપોર્ટમાં અસમાનતા..!**

# આ વર્ષમાં રાજ્યમાં ૩૫ ગામો ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજ બનાવાશે

**સાત જિલ્લાઓની પસંદગી કરી લીધી છે : દરેક જિલ્લામાં પાંચ ગામો પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ થશે : પંચાયતોના બજેટમાં પણ આ માટે જોગવાઈ કરાશે : આખો રોડમેપ તૈયાર કરી દેવાયો છે : જાગૃતિ પંડ્યા**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકાર આ વર્ષના અંત સુધીમાં ૩૫થી વધુ ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજ બનાવશે તેમ બાળ



આયોગના અધ્યક્ષા સુશ્રી જાગૃતિબેન પંડ્યાએ આજે એક ખાસ વાતચીતમાં જણાવ્યુ હતુ.

રાજ્યના બાળ આયોગની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે તેમણે આ વાત કરતાં જણાવ્યું હતું કે આ માટેનો આખો રોડમેપ ભારત સરકારના બાળ આયોગ સાથે પરામર્શમાં રહી તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ માટે બાળ સરંક્ષણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ સાથે બેઠકો યોજી અને ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજ બનાવવા માટેનો સમગ્ર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

આ માટે અમે રાજ્યના ચારેય ભાગમાંથી જિલ્લાઓની પસંદગી કરીશુ. ડાંગ, બનાસકાંઠા, જૂનાગઢ, દાહોદ, અમદાવાદ, નર્મદા, કચ્છની પસંદગી હાલ કરાઈ છે. હજુ એક-બે જિલ્લાઓ પસંદ કરાશે તેવો પણ સંકેત તેમણે આપ્યો હતો.

જાગૃતિબેન પંડ્યાએ જણાવ્યુ હતુ કે આ માટે જિલ્લાઓની પસંદગીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ૭ થી ૮ જિલ્લાઓ પસંદ કરાશે અને દરેક જિલ્લામાં પાંચ-પાંચ ગામને ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજ તરીકે ઘોષિત કરાશે.

આ માટે ગ્રામ પંચાયતોના બજેટમાં પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે ૨ થી ૫ ટકા સુધીની જોગવાઈ કરવાની રહેશે. આ ગામોમાં બાળ પંચાયત પણ બનશે. ગ્રામ્ય વિસ્તારમાં ચાઈલ્ડ પ્રોટેક્શન કમિટીની પણ રચના કરવામાં આવશે. સ્વચ્છ અને સ્વસ્થ ગામ જેવા જ મુદ્દાઓને પણ અમલીકરણમાં અગ્રતા અપાશે. બાળકોને ખેલ-કૂદ માટેની ખાસ વ્યવસ્થા પણ આ ગામોમાં કરવામાં આવશે.

આ ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજ અંતર્ગત જિલ્લાકક્ષાએથી કલેક્ટર દ્વારા નિયમિત રીતે રિપોર્ટ અપાશે અને તેનુ મોનીટરીંગ પણ કરાશે. તદ્દન નવા અભિગમ સાથે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હોવાનો દાવો કરતાં જાગૃતિબેન પંડ્યાએ જણાવ્યું હતુ કે આજે ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં યુનિસેફ દ્વારા પ્રોજેક્ટને લઈ ખાસ પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવ્યું હતુ.

બાળકોના હક્કોના રક્ષણ માટે બાળ આયોગ પ્રતિબદ્ધ હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. રાઉટ ટુ એજ્યુકેશન સહિતના કાયદાઓમાં બાળકોના હક્કોનું રક્ષણ થાય તે માટે સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

ચાઈલ્ડ ફ્રેન્ડલી વિલેજમાં બાળકોના વિકાસ માટે ખુટતી કડીઓ અંગે એન.જી.ઓ. દ્વારા સર્વે કરી તેનો અહેવાલ તૈયાર થશે. અને ખુટતી કડીઓ જોડવા માટે ખાસ આયોગ સક્રિય ભૂમિકા એન.જી.ઓ.ની મદદથી ભજવશે.

તેમણે જણાવ્યુ છે કે સ્વસ્થ બાળ, શિક્ષિત બાળ થકી સમૃદ્ધ ગુજરાતના નિર્માણની દિશામાં બાળ આયોગ તેની ભૂમિકા પૂરી જવાબદારી સાથે નિભાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે શાળાઓમાં ડ્રોપ આઉટ રેસિયો ઘટાડવાનું જ નહિ પણ બાળકમાં શિક્ષણની અભિરૂચિ કઈ રીતે વધે તે પણ જોવાશે. વિભાગો સાથે આ અંગે સંકલન કરાશે. બાળમજૂરીના દૂષણને પણ દૂર કરવા અમે સંકલ્પબદ્ધ છીએ.



તારી વાંકી રે પાઘલડી... - નવરાત્રીના પર્વ માટે અમદાવાદના ગીતા મંદિર રોડ પાસે રહેતા ખેલૈયાઓ માટે કલાત્મક પાઘડીઓ બનાવતાં ૮૮ વર્ષીય દેશળભાઈ ડાભી તેમના પુત્ર સાથે ખેલૈયાઓ માટે સુંદર પાઘડીઓ તૈયાર કરી રહ્યા છે. છેલ્લા છ દાયકાથી પાઘડી બનાવતાં દેશળભાઈ કહે છે કે કાઠીયાવાડી સહિત શિવાજી, રાજપૂત, ટીપુ સુલ્તાન, મારવાડી, પંજાબી, કથકલી સહિતની પાઘડીઓ નવરાત્રીમાં ખેલૈયાઓને આકર્ષતી હોય છે.

# જિલ્લા કોંગ્રેસ કારોબારીમાં ચૂંટાયેલા સભ્યોની ઉદાસીનતાને પગલે નેતાગીરીમાં ચિંતા

**બેઠકમાં એકતાનો રાગ છેડાયો : બુથ સમિતિઓની રચનાની કામગીરી ઝડપથી પૂરી કરવા તાકીદ કરાઈ : ઉરીના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ**

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા કોંગ્રેસની આજે મળેલ વિસ્તૃત કારોબારી બેઠકમાં જિલ્લા પંચાયતના ૧૦ જેટલા સભ્યો તેમજ બે જ તાલુકા પંચાયતના પ્રમુખોની હાજરીને લઈ નિરીક્ષકો ચોંકી ઉઠ્યા હતા. અને એટલે જ તેમણે આ બેઠકમાં ૨૦૧૭ વિધાનસભાના જંગમાં એકતા રાખવાનો સંદેશ આપ્યો હતો.

આજે ચિલોડા ખાતે મળેલ વિસ્તૃત કારોબારી બેઠકમાં ચૂંટણીલક્ષી તૈયારીઓ અંગેની વાતો કરવામાં આવી હતી તેમજ બુથ સમિતિઓની રચના જ્યાં બાકી છે તે ૧૦-૧૦-૧૬ પહેલા પૂર્ણ થઈ જાય તે જોવા માટે તાકિદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં પંચાયત બેઠક દીઠ થયેલા વિકાસના કામોની સમીક્ષા બેઠક હવે યોજવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨જી ઓક્ટો.ના રોજ સામુહિક ખાદી ખરીદીના કાર્યક્રમ યોજવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં જિલ્લાની કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી સિદ્ધનાથ મહાદેવના સંત-શિષ્યની હત્યા અંગે દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

આજની બેઠકમાં ઉરીના શહીદોને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

જિલ્લા પ્રમુખ ડાભીના સ્વાગત પ્રવચન બાદ જિલ્લાની રાજકીય સ્થિતિ અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ઝોન પ્રભારી, જિલ્લા નિરીક્ષક, પ્રદેશના હોદ્દેદારો, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખો, ચેરમેનો, કલોલ, દહેગામ, માણસા, ગાંધીનગર તાલુકાના કોંગ્રેસ સમિતિના કાર્યકરો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ પ્રમુખો, વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જશુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, રામાજી ઠાકોર, રમેશભાઈ દેસાઈ, બલવંતસિંહ રાજપૂત, લાખાભાઈ ભરવાડ, બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ, બાબુજી ઠાકોર, નિશિતભાઈ વ્યાસ, ડૉ. હિમાંશુભાઈ પટેલ વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. અંતમાં આભારવિધિ મુલચંદભાઈ રાઠોડે કરી હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત ગાન ગાઈ બેઠકનું સમાપન કર્યુ હતું.

# આવતીકાલથી બેદિવસીય ખાસ ગ્રામસભા અભિયાન

**સ્વચ્છતા અને સામાજિક સમરસતા અભિયાન અંતર્ગત આ ગ્રામસભાઓ યોજાશે : ૧૩૭ અધિકારીઓ આ ગ્રામસભાના લાયઝન અધિકારી તરીકે નિમાયા**

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૩૦ અને ૧લી ઓક્ટો.ના રોજ જિલ્લામાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી અંતર્ગત ખાસ ગ્રામસભા અભિયાન યોજવામાં આવશે.

આ વિશેષ ગ્રામસભા અભિયાન અંગે જિલ્લાના ૧૩૭ જેટલા અધિકારીઓને ખાસ નિયુક્ત કરવામાં આવ્યા છે. જે ગ્રામસભામાં હાજરી આપશે. આ વિશેષ અભિયાનમાં ગ્રામસભાઓ ૧૧ થી ૩ ના સમયગાળા દરમ્યાન યોજવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ ગ્રામસભામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ચાલતી પાંચ મહત્વની યોજનાઓ, મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, મિશન મંગલમ્ જેવી યોજનાઓ સામાજિક ઓડિટ માટે રજુ કરાશે. આ ઉપરાંત ગામની મતદારયાદીનું વાંચન પણ કરવામાં આવશે તેમજ સુધારા-વાધારા માટેની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જિલ્લામાં હાલ સ્વચ્છતા અને સામાજિક સમરસતા અભિયાન અંગે પણ લોકોને રજૂઆત કરવાનું આયોજન છે.

ઓ.ડી.એફ. જાહેર થયેલા ગામો વધુ જાહેર થાય તેમજ જિલ્લો નિર્ણળ બનાવવા માટેના લોક સહયોગ પર આ અભિયાનમાં ભાર મુકવામાં આવશે.

દરમ્યાન જિલ્લામાં હાલ ચાલી રહેલ આ સપ્તાહની ઉજવણી માટે નિગરાની સમિતિઓની કામગીરીમાં જોડાવા માટે ૨૪ જેટલા અધિકારીઓના અલગથી હુકમો પણ કરવામાં આવ્યા છે.

# મનપામાં છુટા કરાયેલા સફાઈ કામદારોને પરત લેવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રણસો જેટલા રોજમદાર કર્મચારીઓને ઓગસ્ટ માસમાં છુટા કરાયા બાદ હજુ સુધી પરત લેવામાં આવ્યા નથી. આ કામદારોને પરત લેવા માટે ઉગ્ર રજુઆતો કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧લી ઓગસ્ટના રોજ ત્રણસો જેટલા રોજમદાર સફાઈ કામદારોને છુટા કરવામાં આવ્યા છે. ત્યાર બાદ ગુજરાત સફાઈ કર્મચારી આંદોલન દ્વારા વારંવાર ગુજરાત સરકાર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરને રજુઆતો કરવામાં આવી છે તેમ છતાં આ સફાઈ કામદારોને ફરજ પર પરત લેવામાં આવેલા નથી. તેમજ મ્યુ. કમિશનરે કોઈ પણ પ્રકારનો જવાબ આજ દિન સુધી આપ્યો નથી. તેમજ સહાનુભૂતિ દર્શાવી નથી. જેથી આ આખરી રજુઆત કરી જણાવવાનું કે છુટા કરવામાં આવેલા તમામ સફાઈ કામદારોને રોજમદાર તરીકે ૪૮ કલાકમાં પરત લેવામાં નહી આવે તો મુદત પુરી થયા બાદ ગાંધીનગર કોર્પોરેશન કચેરીનો ઘેરાવો કરવામાં આવશે.

# ઉવારસદ ગામે ગુલાબનું ફૂલ આપી ઘરે શૌચાલય બનાવવા મંત્રીની અપીલ

**ખુલ્લામાં શૌચક્રિયા માટે જતાં ગ્રામજનોને વહેલી સવારે મંત્રી શ્રી જયંતિભાઇ કવાડિયાએ મનરેગા યોજનાની સમજ આપી**



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામ ખાતે આજરોજ લોક સ્વચ્છતા ઝુંબેશની ઉજવણી પંચાયત રાજ્ય મંત્રી શ્રી જયંતિભાઇ કવાડિયાની ઉપસ્થિતમાં કરવામાં આવી હતી. મંત્રી શ્રી જયંતિભાઇ કવાડિયાએ ગામની ભાગોળે ખુલ્લામાં શૌચક્રિયા માટે જતાં લોકોને ગુલાબનું ફૂલ આપીને ખુલ્લામાં શૌચક્રિયા કરવાથી શું શું નુકશાન થાય છે, તેની સમજ પણ આપી હતી. ઘરે શૌચાલય બનાવવા નમ્ર અરજ કરી સરકારની શૌચાલય બનાવવા માટેની મનરેગા યોજનાની માહિતી આપી હતી. સવારના ૬ કલાકે પંચાયત રાજય મંત્રી શ્રી જયંતિભાઇ કવાડિયાએ લોક સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ઉવારસદ ગામની મુલાકાત લીધી હતી. સવારના ૬ કલાકથી ઉપસ્થિત સર્વે લોકોએ ગામની ભાગોળે શૌચક્રિયા કરવા આવતા અને શૌચક્રિયા કરીને પરત ફરતા ભાઈ-બહેનોને ઉભા રાખતા હતા.

તેમને મંત્રીશ્રી, ગ્રામ વિકાસ કમિશનર, કલેકટર સહિત અન્ય મહાનુભાવો દ્વારા ગુલાબનું ફૂલ આપીને ખુલ્લામાં શૌચક્રિયા કરવાથી શું શું તકલીફો તથા રોગો થાય છે, તેની વિસ્તૃત સમજ આપી હતી. તમામ લોકોને શૌચાલય બનાવવા માટેની સરકારની મનરેગા યોજના વિસ્તૃત જાણકારી આપી હતી.

# ગાંધીનગરની હોસ્પિટલમાં એચઆઈવી દર્દીના રિપોર્ટમાં અસમાનતા..!

**લેબોરેટરીના રિપોર્ટમાં આવતી ક્ષતિઓને લઈ દર્દીઓ તેમજ સગાઓએ અનેકવાર સિવિલ તંત્રને રજુઆત કરી છે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરીની કામગીરી પર પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે. હોસ્પિટલમાંથી દર્દીના રિપોર્ટ ખોવાઈ જવા, રિપોર્ટમાં અસમાનતા આ બધુ તો રોજનું થયું છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવેલા એચઆઈવી પોઝેટીવ દર્દીનો રીપોર્ટ હોસ્પિટલમાં નેગેટીવ આવતા દર્દી સહિતના કર્મચારીઓ ચોંકી ઉઠ્યા હતા. લેબના કર્મચારીને આ બનાવ અંગે પુછતા ઉડાઉ જવાબ આપી વાત ટાળવાનો પ્રયાસ કર્યો હતો.

રાજ્યની રાજધાની ગાંધીનગરની હોસ્પિટલમાં રોજ-બરોજ નવા પ્રશ્નો ઉભા થવા પામે છે. તંત્ર એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ ઉભી થઈ છે. હોસ્પિટલની ફરિયાદોથી કર્મચારીઓ પણ માથા ખંજવાળે છે. સંકુલ અત્યંત આધુનિક બનાવવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ દર્દીઓને માળખાકીય સુવિધા યોગ્ય રીતે પ્રાપ્ત થઈ શકતી નથી. ત્યારે લેબોરેટરી વિભાગમાં પણ રિપોર્ટમાં ક્ષતિઓ તેમજ રીપોર્ટમાં અસમાનતાના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. હોસ્પિટલમાં એચઆઈવી પોઝેટીવ દર્દી સારવાર માટે આવ્યો હતો. તેનો રિપોર્ટ કરાવતા નેગેટીવ આવતા દર્દી સહિત તમામ કર્મચારીઓ ચોંકી ઉઠ્યા હતા. સિવિલ તંત્ર સમક્ષ દર્દીએ રજુઆત કરતા લેબના કર્મચારીઓને બોલાવીને રીપોર્ટમાં અસમાનતા અંગે પુછપરછ કરતા ઉડાઉ જવાબ મળ્યો હતો. આખરે તંત્રે પણ કર્મચારીઓનો ઉઘડો લઈ નાખ્યો હતો. બીજીવાર આ પ્રકારની ભુલ ના થાય તે માટે સુચના આપી હતી.

# પ્રાથમિક શાળાઓમાં ૧૭ ઓક્ટો. બાદ સત્રાંત પરીક્ષા યોજવા આદેશ

ગાંધીનગર, તા. ૨૮

પ્રાથમિક શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટો. પછી યોજવી તેવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના દિશા નિર્દેષને પગલે આ પરીક્ષાની તારીખો હવે પછી બે દિવસમાં નક્કી થશે.

મળતી વિગતો પ્રમાણે રાજયમાં હાલ મતદાર યાદી સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઉપરાંત સરકારી કાર્યક્રમો પણ વધુ સંખ્યામાં છે તેમજ નવરાત્રિ પર્વ પણ ઓક્ટો.ના પ્રથમ સપ્તાહમાં જ હોવાથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ આ અંગેના સ્પષ્ટ દિસા નિર્દેશ આપ્યા છે.

બીજી તરફ જિલ્લાઓમાં પણ ૧લીની આસપાસ પરીક્ષા સમિતિની બેઠકો યોજાશે અને તેમાં સત્રાંત પરીક્ષાની તારીખો નક્કી થશે. મળતા સંકેતો મુજબ ૧૮ થી ૨૫ ઓક્ટો. સુધીમાં પરીક્ષાની કામગીરી પૂર્ણ કરી દેવાશે તેમ મનાઈ રહ્યું છે.

પરીક્ષાઓ પાછળ લઈ જવાતાં બાળકોને સીધુ વેકેશન મળશે અને દિપાવલી વેકેશન બાદ પરીક્ષાનું પરિણામ આવશે. જિલ્લાઓમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી બાદ જ પરીક્ષાની કાર્યવાહી માટેની ગતિવિધિ હાથ ધરાશે.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને એવી પણ ફરિયાદ મળી હતી કે ઓક્ટો.ના પ્રથમ સપ્તાહમાં પરીક્ષાઓ યોજવાની દિશામાં કાર્યવાહી કેટલાક જિલ્લાઓમાં થઈ હતી. નવરાત્રિ પર્વમાં પરીક્ષાનો માહોલ ના છવાય તે ધ્યાને લઈ તાબડતોબ નિયામકે જિલ્લાઓને આદેશો આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com